સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન...

# પંખ

અંક ૨૦ | સપ્ટેમ્બર ૨૦૧૭



ગમે, જો બાલ્કનીમાંથી બગીચો દૂરનો દેખાય,
પણ આંગણાના વૃક્ષની ડાળી કપાવીને?
- ભાવિન ગોપાણી

Bhagyesh Patel Photoworks



# અનુક્રમણિકા


| | |
|---|---|
| સંપાદકની કલમે | 2 |
| લવ-ટેંક | 3 |
| લપડાક | 6 |
| લ્યો... લખાઈ ગઈ કવિતા | 8 |
| અસ્પર્શ્ય | 9 |
| વેંત-વાર્તા | 10 |
| અખંડ સૌભાગ્યવતી | 11 |
| ગુલાબજળ | 13 |
| વિચાર-વંટોળ | 16 |
| પેરિસ્કોપ | 18 |
| Catalyst | 20 |
| ખુલ્લા દ્વાર | 23 |




# સંપાદકની કલમે



## યાજ્ઞિક વઘાસિયા

**તમે મન મૂકીને વરસો, ઝાપટું આપણને નહી ફાવે,**
**અમે હેલીના માણસ, માવઠું આપણને નહી ફાવે.**
**-ખલીલ ધનતેજવી**

જોતજોતામાં વીસ અંક સુધીની સફર ખેડાઈ ગઈ. " 'ફડફડાટ' – મુશાયરાની ફૂલ ડીશ પછી 'પંખ' સાથે આઈસ્ક્રીમી વાતોનું ડેઝર્ટ " પણ નવ કવિઓની સંગતમાં રંગે-ચંગે ઉજવી લીધો. અમારી આ પહેલી ઓપન-ઇવેન્ટ હતી અને આ ઇવેન્ટ દ્વારા ઘણા સાહિત્યિક મિત્રોને રૂબરૂમાં મળવાનો મોકો મળ્યો, અમારી ઉડાન વધુ ઉંચી બની અને અમારો કોન્ફિડેન્સ પણ વધ્યો.

મુશાયરામાં ભાગ લેનાર નવરત્ન કવિઓ, ભાવેશ શાહ 'શહેરી', કુલદીપ કારિયા, રાધિકા પટેલ, નિનાદ અધ્યારુ, જીગર ફરાદીવાલા, રવિ દવે 'પ્રત્યક્ષ', વિરલ દેસાઈ, મહેન્દ્ર પોશિયા અને કાંક્ષિત મુનશી તથા મંચ-સારથી ભુષણ મેહતાનો સમગ્ર 'પંખ' ટીમ વતી હું આભાર વ્યક્ત કરું છું.

નવરાત્રી હવે શરુ થાય છે એટલે એની પણ  આપ સૌને હું શુભકામના પાઠવું છું. આ અંકમાં પણ મોટાભાગની કૉલમ્સ નવરાત્રી રીલેટેડ જ છે.

આવતા અંકથી અમે એક ટ્રાવેલ-કૉલમ અને એક ફૂડ-કૉલમ શરૂ કરવાનું વિચારી રહ્યા છીએ. તો આ પ્રકારના આર્ટીકલ્સ લખતા મિત્રોને 'પંખ' આવકારે છે.

અમારા મેઈલ આઈડી pankhemagazine@gmail.com પર આપ સતત કોન્ટેક્ટમાં રહો અને ફેસબૂક પર અમારા પેજ અને આઈડીમાં રોજબરોજ થતી પોસ્ટ્સની આપ મજા લેતા રહો.





# લવ-ટેંક

અનંત ગોહિલ




“આ પોતાના લખચોરાસી ચક્કરનો છે ચકરાવો,
પણ અધવચાળે મળવાનું છે તારું મારું સહિયારું”
મધુમતી મહેતા

“એ ચાર આંખો વચ્ચે ‘લિફ્ટ’નું બારણું બંધ થયું અને એ સાથે જ આકાશમાં એક તારો ખર્યો, તેજ વધારે હતું આજે એમાં, મનોમન એમ કહેતો હશે કે આજ એક ‘ઘા’એ બે જણાની ઈચ્છા પૂરી કરી...”

હજુ તો માંડ એક મહિના પહેલા જ વિવેક ભાવનગરથી અમદાવાદ ‘શિફ્ટ’ થયો હતો, ‘શંખનાદ’ નામના ફ્લેટના ચોથા બ્લોકના પાંચમાં માળે ૫૦૪ નંબરનો રૂમ હતો એનો. હજુ તો થોડો ઘણો સામાન જ વ્યવસ્થિત રીતે મુકાયેલો હતો અને બાકીનું બધું તો સુટકેશમાં અને બોક્સમાં સમાઈને પડ્યું હતું, આમ તો કોઈ પણ ફ્લેટમાં ‘બેચલર’ને રૂમ જલ્દીથી ના મળે પણ, સોસાયટીના ચેરમેન વિનુકાકા અને વિવેકના પપ્પા રમેશભાઈ બન્ને બાળપણના સાથીદાર, મોટા થઈને પછી ધંધાર્થે રમેશભાઈએ ભાવનગર પસંદ કર્યું અને ત્યાંજ સ્થાયી થઇ ગયા અને વિવેકને પણ નાનેથી મોટો થતા વિનુકાકાએ પોતાની નજર સમક્ષ જોયો છે, એટલે વિવેકને એ ફ્લેટ સરળતાથી મળી ગયો.

આમ તો, વિવેકના પેરેન્ટ્સ પણ એના સાથે જ અહીં રહેવા આવી જવાના હતા પરંતુ વિવેકે જ એમને રોક્યા હતા, એ કહે પહેલા હું ત્યાં સરખી રીતે સેટ થઇ જાવ, મારી નોકરી સ્થાયી કરી નાખું પછી તમને અને મા ને બન્નેને અહીં મારી પાસે જ હંમેશ માટે બોલાવી લઈશ, પોતાના છોકરાના મોઢેથી આવા જુસ્સાના શબ્દો સાંભળી એમને તરત પોતાના મિત્રને ફોન કરીને એના રહેવા-કરવાની જગ્યા સેટ કરાવી આપી હતી.

વિવેકને આમ તો અમદાવાદ માફક આવી રહ્યું હતું પણ, ભાવનગર કરતા અમદાવાદના વાતાવરણમાં ભળતા એને થોડો સમય લાગી રહ્યો હતો કેમ કે ભાવનગરમાં તો લોકો મળતાવડા અને તરત ભળી જાય એવા હોય છે જયારે અમદાવાદ એ જ કક્ષામાં થોડું પાછળ પડતું છે, એટલે વિવેક આ નવા વાતાવરણથી ધીમે-ધીમે ટેવાઈ રહ્યો હતો. અમદાવાદ એના માટે સાવ નવું-સવું હતું એટલે વિનુકાકા અને કમલાઆંટી સિવાય એ અહીં કોઈને નહોતો ઓળખતો, આમ પણ એ સવારમાં નોકરી એ જાય તો છેક સાંજે આવે અને પછી ફ્રેશ થઇ અને વિનુકાકાના ઘરે જમવા જાય, અને ફરી બીજા દિવસે આ જ રીપીટ ટેલીકાસ્ટ જોવા મળે!











એવામાં એક સવારે એ તૈયાર થઈને રૂમને લોક કરી નોકરી પર જવા નીકળ્યો, બહાર આવી લિફ્ટનું બટન પ્રેસ કર્યું અને એને સામે 'રૂમઝૂમ' ગરબા કલાસીસનું એ પોસ્ટર દેખાણું, વિવેકને આમ કોઈ તહેવારનો શોખ નહીં પણ ગરબા માટે એ દીવાનો હતો, ભાવનગરમાં હતો ત્યારે એક પણ પાર્ટી-પ્લોટ એવો નહોતો કે જ્યાં વિવેક ગરબા ગાવા ના ગયો હોય. તરત જ એણે ખિસ્સામાંથી મોબાઈલ કાઢીને એ પોસ્ટરનો ફોટો પાડી લીધો. સાંજે નોકરીથી આવીને એને વિનુકાકાને આ ફોટો બતાવી એના એડ્રેસ વિષે પૂછ્યું, અને ભોળાભાવે વિનુકાકાને કહી પણ દીધું કે એને ગરબાનો કેટલો શોખ છે અને ગરબા-કલાસીસના બહાને અહીં અમદાવાદમાં એના કોઈક ફ્રેન્ડસ બનશે અને આમ પણ સાંજે નોકરીથી આવીને તો એ એકદમ ફ્રી જ હોય છે. વળી, ગરબા કલાસીસનો સમય પણ નવથી સાડા દસ સુધીનો જ હતો એટલે એને બરાબર સેટ થાય એવું જ હતું. એને તરત જ એ પોસ્ટરમાં આપેલ નંબર પર કોલ લગાવ્યો અને પોતાનું નામ એ કલાસીસમાં રજીસ્ટર કરાવી દીધું. અને પછી એ 'લિફ્ટ'માં પોતાની રૂમ પર આવી કાલે ગરબા ક્લાસમાં જવાના વિચારો કરતા-કરતા ક્યારે ઊંઘ એને ઘેરી વળી એ એને ખુદને પણ ખબર ના રહી!

બીજા દિવસે સાંજે વિવેકે જમવામાં પણ ઉતાવળ રાખી કેમ કે ગરબા ક્લાસમાં જવાનો એનો ઉત્સાહ ચરમસીમાએ હતો. બ્લુ કલરનું ફોર્મલ જીન્સ અને એના પર પ્લેન વ્હાઈટ કલરનું ટીશર્ટ પહેરીને એ ગરબા ક્લાસમાં પહોંચ્યો. ત્યાનું વાતાવરણ જોઇને એને એવું થયું કે હમણાં જ એ ગરબા રમવાનું શરુ કરી દેશે. પણ એણે એની ભાવનાઓ પર કાબુ રાખી રજીસ્ટ્રેશન-ઓફિસ પર ક્લાસની એડવાન્સ ફી ભરી દીધી તથા ક્લાસના અન્ય બેનીફીટ્સ પણ જાણી લીધા, એ પછી એ મેઈન હોલ કે જ્યાં ગરબાની પ્રેક્ટીસ ચાલુ હતી ત્યાં પહોંચ્યો. અહીંના આખા વાતાવરણમાં એક અલગ જ ઉત્સાહ હતો જાણે કે અહીં ગરબાની પ્રેક્ટીસ કરતા લોકોના શ્વાસ પણ ગરબાની રીધમે જ ચાલતા હતા. સામે જોવે છે તો મોટા અક્ષરે **'DAYS REMAINING TO NAVRATRI'** અને એની નીચે 37 દિવસ એવું લખેલું એક બોર્ડ મારેલું હતું. બન્ને બાજુની આખી દીવાલ દાંડિયા અને ચણીયાચોલીની ડિઝાઈનથી શણગારેલી હતી. અને ગરબાની રીધમનો એ કરકરો અવાજ વિવેકને સંમોહિત કરી રહ્યો હતો.









કુલ મળીને પચાસ-પંચાવન લોકોનું એ નાનકડું લશ્કર ગરબાના તાલે-તાલે લડી રહ્યું હતું. એમાં વિવેક પણ જોડાઈ ગયો. અમદાવાદ આવ્યા પછી અમદાવાદ પોતીકું લાગ્યું હોય એવો વિવેક માટે આ પહેલો અવસર હતો, એને ગરબાના નવા સ્ટેપ્સની પ્રેક્ટીસ કરી અને પહેલો જ દિવસ હતો એટલે ઉમંગની સાથોસાથ થાક પણ એટલો જ લાગ્યો હતો, એટલે ઘરે આવીને સીધો જ એ પથારી ભેગો થઇ ગયો.

બીજા દિવસે જયારે એ નોકરી પર જવા માટે ‘લિફ્ટ’માંથી નીચે ઉતર્યો ત્યારે પાર્કિંગમાંથી એકટીવા લઈને નીકળતી એક યુવતી જોઈ, જો કે એનો ચહેરો તો દુપટ્ટાથી ઢંકાયેલો હતો પણ એના તરફ નજર જવાનું કારણ એટલું જ કે વિવેકને લાગ્યું કે આ આંખોને ક્યાંક જોઈ છે, ભલે અલપ-ઝલપ જોઈ હશે પણ જોઈ છે એ તો પાક્કું જ! આવો વિચાર કરતા કરતા એ નોકરી પર ગયો. બીજા દિવસે જયારે એ ક્લાસ પર ગયો ત્યારે ફરીથી એને એ બે પાણીદાર આંખો દેખાઈ, અને એ પણ એના તેજસ્વી મુખ સાથે, આંખો એવી જાણે કે હમણાં કંઇક બોલી પડશે, અને આંખોને શરમાવે એવા બેબી-પિંક કલરના એના હોઠ, એ પણ કમાન આકારના, જોઇને જ એવું લાગે કે લિપ્સ્ટીક પણ આ સદ્યસ્નાતા સુંદરીના હોઠે સ્થાન પામવાની માનતા રાખતી હશે!

બસ પછી તો આ સિલસિલો શરુ થઇ ગયો, કામદેવના બાણે વિવેકને વીંધી નાખ્યો હતો. નવરાત્રીના આડે માંડ ૧૦ દિવસ બાકી હતા એમાં ક્લાસમાં ‘સાલ્સા ગરબા’ શીખવવાનું શરુ કર્યું એમાં વિવેકના નસીબજોગે એ જ યુવતી એની પાર્ટનર બનીને આવી, એ રાતે તો વિવેકે મન મુકીને ગરબા રમ્યાં, અને એ જ દિવસે વિવેકને તેનું નામ ખબર પડી, ‘આસ્થા’! અને પછી તો આંખોની મુલાકાત વાતો સુધી પહોંચી અને વાતવાતમાં વિવેકને ખબર પડી કે આસ્થા પણ એ જ બ્લોકમાં રહે છે જેમાં પોતે પાંચમાં માળે રહે છે જયારે આસ્થા ત્રીજે માળે રહે છે, મનમાં થોડું દુઃખ થયું કે આટલા નજીક હોવા છતાં પણ એને ખ્યાલ ના આવ્યો કે આસ્થા અહીં જ રહે છે. એ પછીના પાંચ દિવસ તો વિવેક આસ્થાની સાથે જ હતો, લો-ગાર્ડન ચણીયા-ચોળીની ખરીદીમાં કે પછી માણેકચોકમાં ઘરેણાની ખરીદીમાં! એ દરમ્યાન જ બન્ને ખુબ નજીક આવ્યા!

નવરાત્રીને આડે બસ ત્રણ દિવસની જ વાર હતી એટલે ગરબા-ક્લાસવાળાઓએ પાર્ટી-પ્લોટમાં ગરબાનું આયોજન રાખેલું હતું. એ દિવસે ગરબા મોડે સુધી ચાલ્યા એમાં ઘરે આવવામાં વિવેક અને આસ્થા બન્ને ને લેટ થઇ ગયું. બન્ને બરાબર ‘લિફ્ટ’ની સામે જ ઉભા હતા, બન્નેને એક-બીજાને કંઇક કહેવુ હતું પણ બન્ને શરૂઆત કોણ કરે એની રાહ જોઇને બેઠા હતા, ‘લિફ્ટ’ની બરાબર સામે ફ્લેટમાં ઉપર જવાની સીડીઓ શરૂ થતી હતી અને એની બાજુમાં એક નાનકડો પેસેજ હતો, એ બન્ને ત્યાં જ ઉભા રહીને એકબીજાની સાથે આંખોથી વાતો કરી રહ્યા હતા. કદાચ બન્નેને થતો ‘અહેસાસ’ પહેલ-વહેલ જ હતો એટલે એમનો ‘પ્રેમ’ ‘શરમ’ની એ આડશની ઓથે છુપાઈ રહ્યો હતો.

વિવેક કહેવા જાય છે કે, “આસ્થા, આઈ…”, ને એટલી જ વારમાં લિફ્ટ નીચે આવી જાય છે. લિફ્ટનું બારણું ખુલે છે, આસ્થા ભાગીને એમાં જતી રહે છે અને વિવેક પણ જાણે એની ટીખળ સમજી ગયો હોય એમ એની પાછળ જાય છે, ને બસ પછી લિફ્ટના એ બે ભાગ એકબીજાની નજીક આવી રહ્યા હોય છે એવી જ રીતે વિવેક અને આસ્થા પણ એકબીજાની નજીક ખેંચાય છે. ‘લિફ્ટ’નું બારણું બંધ થાય છે અને જાણે અંદર મઘમઘતા અત્તરની સુગંધ પ્રસરી હોય એવો ‘બનાવ’ બને છે!

“…અને એ સાથે જ આકાશમાં એક તારો ખર્યો, તેજ વધારે હતું આજે એમાં, મનોમન એમ કહેતો હશે કે આજ એક ‘ઘા’એ બે જણાની ઈચ્છા પૂરી કરી..!”

પ્રેમ-અભિષેક :

ગીતના ઘેઘૂર ગરમાળામાં ચૂમી છે તને,<br>
બે ગઝલની વચ્ચેના ગાળામાં ચૂમી છે તને.<br>
પાંપણો મીંચાય ને ઉઘડે એ પલકારો થતાં,<br>
વાર બહુ લાગી તો વચગાળામાં ચૂમી છે તને.<br>
-મુકુલ ચોકસી





# લપડાક

મનોરી શાહ




તમને કોઈ પૂછે કે 'ગુજરાતી' સાંભળીને મગજમાં પેહલું શું આવે?

યુ-ટ્યુબ પર ઘણાં વિડીયો છે જેમાં મુંબઈ કે દિલ્લીના લોકોને ગુજરાતી લોકો વિષે પૂછાય અને સૌથી વધારે જવાબો આ મુજબ આવે – ગરબાં, ઢોકળાં, અંગ્રેજી બોલવાની ટીપીકલ એક્સેન્ટ, પૈસા અને ધંધાની આવડત અને નરેન્દ્રમોદી!

ગુજરાત બહુ જ સુંદર, વિકસિત અને SAFE જગ્યા છે. નસીબથી અહીં જન્મ મળે. પણ એવું કેમ છે કે ગુજરાતી લોકો બહુ જ 'સ્ટીરિયોટાઇપ' થઇને રહી ગયા છે? હું અત્યારે જ્યાં ભણું છું ત્યાં દેશભરમાંથી લોકો આવે છે અને દુઃખ સાથે કહેવું પડે છે કે ગુજરાતીઓની IMAGE એકદમ સારી નથી. એમનું માનવું છે કે ગુજરાતીઓ એમનામાં જ રહે છે, અમે બધા હોઈએ ત્યારે પણ અંદર-અંદર ગુજરાતીમાં વાત કરે છે અને બાકી ખાવામાં ગળપણ અને સ્નેક્સ અને સનેક્સ વાળા જોક્સ તો ખરા જ. ગાંધી, સરદાર, અંબાણી, મોદીની ભૂમિમાં આવું કેમ? ગુજરાત તો લોકોને આવકારવામાં અને સ્વીકારવામાં હંમેશા આગળ રહ્યું છે. તો શું બીજા રાજ્યોનાં રહેવાસીઓ ખરેખરું ગુજરાત જોઈ નથી શકતા કે એમને દેખાઈ નથી રહ્યું?

ગુજરાતીઓની જે આ જનરલ IMAGE છે, એ કેટલા અંશે સાચી અને ખોટી એનો મારી પાસે કોઈ જવાબ નથી. ખરું જોતા ઘણાં ગુજરાતી નવયુવાનો હવે દેશ અને દુનિયાનાં જુદાજુદા ભાગમાં રહી રહ્યા છે નામ બનાવી ચુક્યા છે અને એ લોકોનું અંગ્રેજી ક્યાંય ખરાબ નથી. એ લોકો બધી જ વાનગીઓ સમજે છે, ખાય છે, બનાવે છે અને ડિસ્કોથેકમાં જઈને આખો વખત ગરબાં નથી કરતા. સામે ગુજરાતીઓ એવા પણ છે જેમને મફતમાં મળતી બધી વસ્તુઓ સોનું લાગે છે, જે બીજી કોઈ ભાષા કે સંસ્કૃતિ વિષે શીખવા કે જાણવા નથી માંગતા અને જેમનો પૈસો જ એમના માટે પરમેશ્વર છે. મોટાભાગની સીરીયલો અને ફિલ્મોમાં સ્ટીરીયોટીપીકલ ગુજરાતી કીરદારો જ બતાવાયા છે. ગુજરાતી મીડિયાએ કૈક નવું સુંદર કરવાની જરૂર છે. અર્બન ગુજરાતી ફિલ્મો ચોક્કસ એની જગ્યા બનાવી રહી છે પણ હજી ખાસ કંઈ દેશની નજરે ચડ્યું નથી.
















આ બધામાં ગુજરાતી યુવાનોની 'અધરી' હાલત છે. મેં અમુક મિત્રો જોયા છે જે આમ ગુજરાતી તરીકે ઓળખવામાં થોડાં UNCOMFORTABLE હોય છે, ગરબાની કે દાળમાં ગળપણની વાત આવે તો એકદમ આમ DEFENSIVE થઇ જાય. શું કામ? દરેક રાજ્યની પોતાની એક સંસ્કૃતિ છે, પંજાબીના ભાંગડા પણ વારે તહેવારે દરેક વખતે એ લોકો કરે જ છે અને બંગાળીઓ પણ બીજા બંગાળી જોડે પોતાની ભાષામાં જ વાત કરે છે, ભલે બધા અલગ અલગ રાજ્યોનાં વ્યક્તિઓ સાથે હોય. મારું માનવું છે કે તકલીફ બંને EXTREME ને જોવાની ફિલોસોફીમાં છે. એકદમ ફાંકડું અંગ્રેજી બોલતો ગુજરાતી યુવાન ગરબાં કરતા કેમ શરમાય? અને જયારે જરૂર ના હોય, બધા ગુજરાતી મિત્રો કે સબંધીઓ સાથે હોય ત્યારે હિન્દી કે અંગ્રેજીમાં વાત કેમ કરે? જેટલા શોખથી હોટેલમાં પંજાબી ખાય એટલા જ હોંશથી ઘરે બોલાવીને બીજાને ખાંડવી કે ઊંધિયું કેમ ના ખવડાવે?

'ગ્લોબલ સીટીઝન' બનવામાં આપણી માટીની સુગંધને હસી કાઢવી એ ક્યાંય વિકાસ નથી. હા, જે સ્ટીરિયોટાઇપ ખોટી રીતે થઇ રહ્યું છે એને ચોક્કસ બદલીએ. બીજા કલ્ચરમાંથી કૈક નવું શીખીએ અને અપનાવીએ પરંતુ પોતાના હોવાપણાની શરમ રાખ્યા વગર. DESPACITO પર ગરબાં કરવા એ ગાંડપણ નથી, આવડત છે. નવરાત્રીની રોનક બીજા કોઈ રાજ્યમાં આપણા જેવી નથી. અરે બીજા તહેવારોમાં પણ આવો માહોલ નથી સર્જાતો, જેવો અહીં ગલી-ગલીમાં નવ દિવસ સુધી રહે છે. DRY STATE ની હવામાં ભક્તિ, ઉલ્લાસ, અને હવે તો ફેશન અને ટ્રેન્ડસની માદકતા છે, જુવાન હૈયાઓમાં થનગનાટ છે. તો આવવા દો બહારથી કોઈને પણ, ગુજરાતી તરીકે પોતાના બનાવીને, ચણીયા-ચોળીના આભલાનાં રંગોમાં સજાવીને પાછા ના મોકલીએ તો ગુજરાતી શેના?! હું પોતે ભારતીય હોવાને ગુજરાતી કે પંજાબી હોવા કરતા ઉપર ગણું છું, પણ જયારે પોતાના ભવ્ય વારસાને ખરેખર સાચા રૂપમાં દર્શાવવાનું હોય તો એમાં થોડું સ્વાર્થી થવું ખોટું નથી.

P.S. : શ્રી કાજલ ઓઝા વૈદ્ય અને સંજય વૈદ્યનાં એક જવેલરી બ્રાંડ માટેનાં ફોટોશૂટની આજકાલ ઘણી નોંધ લેવાઈ રહી છે. કાજલમેમનું માનીએ તો બહુ ઓછા લેખકો આવા પ્રોજેક્ટમાં સંકળાય છે કે ભૂતકાળમાં સંકળાયા છે. મને આ વિષે આપના વિચારો જાણવા ગમશે. આ ફોટોશૂટ તથા લેખ વિષે આપના અભિપ્રાય જણાવો manorishah@gmail.com પર.





# લ્યો.. લખાઈ ગઈ કવિતા

ગોપાલી બુચ





મામલો લાગે જરા ગંભીર છે,
આ તરફ એની નજર જો સ્થિર છે.

પ્રેમપાશે એમને બાંધ્યા અમે,
ક્યાં વળી મોટી કોઈ ઝંઝીર છે ?

કેદ આજીવન થયા સપનું થઈ,
રાતભરની આપણી જાગીર છે.

ના,નથી જોવો હવે આ આયનો,
આંખમાં પણ એમની તસવીર છે.

નામ તારુ હાથમાં ચિતરી ગઈ,
જોઇશું  કોની કેવી તકદીર છે ?



# અસ્પર્શ્ય

મીરા જોશી



**તેરે હાથ સે છૂટી જબ ઈશ્ક કી દોર..**
**બચી સાંસે દિલ કે મહેમાન સી લગને લગી..!**





ક્યારેક એકદમ નિરવ શાંતિના પ્રાંગણમાં હળવી કંપન અનુભવાય છે. મોગરાના પર્ણનું હળવું કંપન હશે, કે ઝાકળનું બિંદુ, કે હવાનો ફરફરાટ? હૃદયમાં ધરબાયેલી અતીતની એકાદ યાદ સવારે જાગેલા પંખીની માફક અચાનક ફફડી ઉઠે છે. એ ક્ષણનો ચહેરો તું હોય છે...!

આપણી વચ્ચેનું અંતર જે અફાટ સમુદ્ર જેવું વિશાળ હતું એ વહેલી સવારની એ એક ક્ષણના ધબકારમાં સદંતર અલોપ થઈ જાય છે. આસપાસનું બધું જ સમયના વહેણમાં વહી ગયું, બદલાઈ ગયું, કેટલાયે નવા ચહેરાઓ જિંદગીની કેડી પર આવ્યા, ને કેટલાયે જૂના ચહેરાઓ કે સંબંધો અલોપ થયાં, પરંતુ માત્ર એક ચહેરો, એક સંબંધ વર્ષો પર્યંત પહાડની જેમ અકબંધ રહ્યો, શા માટે?

કહે છે કે સંબંધો ઋણાનુંબંધથી બંધાય છે, શું આ સંબંધ માત્ર એક ઋણાનુંબંધનો હિસ્સો હતો? બીજું કંઈ જ નહિ? આ વિચાર આવતાં જ મન પર એક ધુમ્મસી ઓથાર છવાઈ જાય છે. શું નાના બાળક માટે એના પિતા કોઈ ઋણાનુંબંધથી ઉગી નીકળેલો ચહેરો માત્ર હોય છે? તેના માટે એ વિશ્વાસ હોય છે, નિઃસ્વાર્થ પ્રેમનો દરિયો હોય છે, તેનું સર્વસ્વ એ પિતાની આંખોમાં શોધતો હોય છે.. ઋણાનુંબંધ કદાચ સંબંધનું હોઈ શકે, પણ લાગણીનું નહિ! મારા અસ્તિત્વના કણ-કણમાં શ્વાસ લેતી તારા નામની લાગણી જન્મોજન્મના સંબંધથી પરે જ હશે. જો ને એટલે જ તો તું નથી હોતો ત્યારે આ લાગણી મને જીવાડે છે.. તારી હાજરી પૂરે છે! ઓહ હાજરી પરથી યાદ આવ્યું, હમણાંથી મારા ઘરના બગીચામાં જાસ્મીને હાજરી પૂરાવી છે. જાણે છે કઈ રીતે?

મનગમતાં મોગરા, જાસુદ, એલોવેરા અને ગુલાબને મોટા કરવા રોજ જયારે કુંડામાં પાણી નાખતી ત્યારે અમસ્તા જ જાસ્મીનની કૂંપળ પર પાણી છંટાઈ જતું, અને આપમેળે ઉગેલી એ જાસ્મીને એક સવારે મને કેટલા સફેદ ફૂલોથી તરબતર કરી દીધી..!

સંબંધોનું પણ કંઇક આવું જ હોય છે ને..? જ્યાં હૃદય નીચોવી દઈએ ત્યાં કંઇક બાકી જ રહી જાય છે.. ને આશ પણ ના હોય ત્યાંથી ભરપુર પ્રેમ મળી જાય છે..! હવે હું જાસ્મીનને રોજ મળું છું, તને મળતી હોઉં એમ.. તેને પાણી પાવ છું, ભલે મોડું પણ અમારું મિલન થયું છે..!

લિ. તારા સ્નેહના અમૃતને ઝંખતી જાસ્મીન..

***

ઉમ્ર કી દહેલીઝ પર
ઈશ્કને દરવાજા ખટખટાયા હે;
ક્યાં તુમ લૌટ આઓગે?








યાજ્ઞિક વઘાસિયા



# સેફ્ટી



“જો યામિની. હું તારા સ્માર્ટ ફોનમાં એક એપ નાખી દઉં છું. એમાં ટોટલ પાંચ કોન્ટેક્ટ નંબર નાખવાના હોય. તું જયારે કોઈ પ્રોબ્લેમમાં હોય, ત્યારે આ એપમાં આ ‘NEED HELP’ બટન દબાવવાથી એ પાંચેય જણાને મેસેજ પહોંચી જાય કે તું કોઈક મુસીબતમાં છો એમ, ને તારું લોકેશન પણ પહોંચી જાય બધાને. નવરાત્રી જેવા તહેવારમાં આમેય આની વધુ જરૂર પડે.”

નીરજે પોતાની વાઈફ યામિનીના ફોનમાં પોતાના નંબર ઉપરાંત બીજા ચાર નંબર નાખી આપ્યા. યામિનીએ ટ્રાય કરવા માટે ‘NEED HELP’નું બટન દબાવ્યું. એની એક ફ્રેન્ડનો, એના ભાઈનો અને બે કઝીન્સ, બધાનો ફોન પણ આવી ગયો.

નીરજે જયારે થોડીવાર પછી પોતાનો સાઈલેન્ટ ફોન ચેક કર્યો, ત્યારે એણે મેસેજ જોયો.

“Yaminee is in problem. She needs your help.”

સાથે એના પોતાના જ ઘરનું જ લોકેશન અટેચ કરેલું હતું.








# અખંડ સૌભાગ્યવતી

નિકેતા વ્યાસ





"અખંડ સૌભાગ્યવતી ભવ:" આ આશીર્વાદ પરણેતર જીવનમાં કેટલી વાર મળ્યા હશે! અને ફળ્યાં પણ હશે....ખરું ને? સાંભળવામાં સારા લાગતાં આ આશીર્વચનને તમે શાંતિથી બેસીને મૂલવો.

લગ્નજીવનની શરૂઆત જ આ આશીર્વાદથી થાય છે. ચોરીમાં વધૂના કાનમાં ફૂંક મારવાથી લઈને ચિતા સુધી બસ ડગલે ને પગલે આ આશીર્વાદ માથું ઝુકાવી પગે લાગતી સ્ત્રીને માથે લાદવામાં આવે છે. કદી વિચાર્યું છે ખરેખર આ આશીર્વાદનો ખરો અર્થ? વિચારો... એકદમ શાંત મગજ રાખીને વિચારો. કારણકે આ પછી કદી આ આશીર્વાદ લેવા તમારું મસ્તક નીચે નમશે નહિ, કે ફરી કદી ઘરની વહુ દીકરીને આ આશીર્વાદ આપવા તમારા હાથ ઉપડશે નહી.

અખંડ એટલે સંપૂર્ણપણે સૌભાગ્યવતી, મરતા સુધી! અર્થાત તમે વરને - પુરુષને વધૂના - સ્ત્રીના નસીબનું આયુષ્યની ભેટ આપો છો. જાણે અજાણે પણ તમે સ્ત્રીને પુરુષ પહેલા ચિતાએ ચડવા મજબુર કરો છો. કેમ સ્ત્રીઓએ જ અખંડ (સૌભાગ્ય) રહેવાનું પોતાનાં મૃત્યુ સુધી? કેમ સ્ત્રીઓને જ આ આશીર્વાદ? પુરુષોને કેમ કદી અખંડ સૌભાગ્યના આશિષથી નવાજતા નથી? કેમ પુરુષોએ એ પુરવાર નહિ કરવાનું કે એ પણ પત્નીવ્રતા છે? પુરુષપ્રધાન દેશની સમાજ વ્યવસ્થાની બલિહારી કેવી છે નહિ? પરણેતરને હજુ ચોરીમાંથી ઘરે પણ નથી લાવ્યાં એ પહેલાં ચિતા પર ચડવાની અને તે પણ પહેલા ચડવાની જવાબદારીથી લાદી દીધી - "અખંડ સૌભાગ્યવતી ભવ:"ના આશિષથી.

પિયરીયાઓ આવા આશિષ આપે ત્યારે ઘણું લાગી આવે. કેમ આપણે એવા આશીર્વાદ નથી આપતાં કે સદાય ખુશ અને સુખી રહો. એકબીજાને ગમતા, નમતાં અને સમજતાં રહો, જેથી લગ્નજીવન સુગમ અને સરળ રહે. અને એથી વિશેષ ત્યારે લાગી આવે જયારે "અમે તો ઘરની વહુને દીકરીનો જ દરજ્જો આપીએ છીએ..." કહેનારા ઘરનાં જ પોતાના સગા જયારે દીકરી સમાન વહુને અખંડ સૌભાગ્યવતીના આશિષ આપે. સાચ્ચે? એટલે પેલી કહેવત સાર્થક કરે કે, ભૂવો ગમે એટલું ધુણે પણ ચડાવેલું નાળીયેર તો પોતાનાં ઘર તરફ જ ફેંકે. અર્થાત્..... વહુબેટા, તારે તો મારા દીકરા પહેલાં જ સીધાવાનું છે.!







અરે આશીર્વાદ જ કેમ?બાળપણથી જ દીકરીને વ્રતના ચક્કર ભમ્મરમાં નાંખી દેવાની. ગૌરીવ્રત... વર સારો મળે, સોળ સોમવાર... સાસરી અને વર પોતાની ઇચ્છા પ્રમાણે મળે (વોટ અ જોક), વટસાવિત્રી... પતિની લાંબી ઉંમર માટે, સાકરિયા- ભાખરિયા સોમવાર... સામા પાંચમ... એન્ડ ધ લીસ્ટ ગોઝ ઓન .... સઘળું પતિ માટે! દીકરી- બહેન-મા-પત્ની-સ્ત્રી માટે શું? અરે પોતાની સલામતી માટે પણ એણે ભાઈના કાંડે સુતરનો દોરો બાંધી પુરુષને યાદ આપાવવું પડે! અને આપણે સ્ત્રીઓ એકાદ વાર પણ સવાલ ઉઠાવ્યાં વગર ગાડરિયા ઘેટાંની માફક બસ એજ ઘરેડમાં સદીઓથી ચાલતાં આવ્યાં છે અને હજુયે એ જ રીતી રીવાજોને ગળે લગાડીને જીવીએ છીએ.

સ્ત્રી શક્તિ તરીકે ફક્ત અને ફક્ત કાગળ ઉપર ચિતરાય છે, પૂજાય છે અને મહ્ત્તાય છે. બસ હવે ગણ્યાગાંઠ્યા દિવસો પછી મા દુર્ગા પધારશે. શક્તિની પરિપૂર્તિ એવી મા દુર્ગા દસ દિવસ પૂજાશે. પણ પછી શું? આ દસ દિવસ પછી હતા રામ ઠેર ના ઠેર. સ્ત્રીને આગવો દરજ્જો પુરુષપ્રધાન સમાજ પોતાનાં નિયમો અને જરૂરિયાત પ્રમાણે જ પ્રદાન કરે છે. સ્ત્રીઓ માટે બંધન, નિયમો, કાયદા, જરૂરિયાત અને ફાયદા પ્રમાણે ઘડવામાં આવે છે. લાગતું નથી કે હવે સમય પાકી ગયો છે કે આવા રૂઢીરિવાજોને અલાયદા ઓરડામાં ધકેલી સ્વચ્છ સગપણો કોઈ પણ જાતની બાધા વગર પ્રસ્થાપિત થાય? જેટલી પ્રાર્થના, પૂજા કે વિધિ એક દીકરા, પતિ કે પુરુષ માટે હાથ જોડીને, જે તે કુળદેવી ની ચોખટ પર માથું નમાવી ઝોળી ફેલાવી માંગવામાં આવે એટલો જ હક્ક સ્ત્રીઓને પણ મળવો જ જોઈએ ને...

અખંડ સૌભાગ્યવતી ના આશીર્વાદ ચોરીની સાક્ષીએ ચાલો ને હવેથી આપણે વર અને વધુના કાનમાં ફૂંકીએ... જેથી વરઘોડિયા સદાયસંપીને સુખમય લગ્નજીવનની સફર પર સાથોસાથ રહે.

અસ્તુ!





# ગુલાબજળ

યાજ્ઞિક વઘાસિયા



**સમજો છો શું અમોને? સ્વયં પ્રકાશ છીએ,**
**દીપક નથી અમે કે ઠાર્યા ઠરી જવાના!**

સિગ્નલ પર લાલ લાઈટ જોઇને બધી ગાડીઓ ઉભી રહી. પોતાના કર્કશ મર્દાના અવાજમાં સાડી પહેરેલું વ્યંઢળોનું એક ટોળું માતાજીના નામે પૈસા ઉઘરાવા લાગ્યું. આપણે ત્યાં આવું જ ચાલે છે ને. ઈશ્વરના નામે દરેક તહેવારમાં પૈસાની ઉઘરાણી થતી જ રહે છે. એમાંય નવરાત્રી તો નવ દિવસનો મોટો તહેવાર.

વ્યંઢળોનાં ટોળામાંથી એક બધાના 'હેડ' જેવા લાગતાં સૂરજબાઈએ એક કારની બારીનો કાચ ખખડાવ્યો. બારીનો કાચ ખુલ્યો અને કોઈ પણ સંવાદ વગર જ અંદર બેઠેલી વ્યક્તિએ રીઝર્વ બેન્કે નવી બહાર પાડેલી પચાસ રૂપિયાની નોટ એના હાથમાં થમાવી દીધી. આ રીતે બધી ગાડીઓવાળા પાસેથી પૈસા લેવાનું એમણે ચાલુ રાખ્યું. અમુક લોકોએ ગાળ આપીને એમને કંઈ દેવાની ના પણ પાડી, પણ સૂરજબાઈ સહેલાઈથી એમ મુકે કોઈને?! અમુક લોકો એ ટોળા પર હસતા હતા, તો અમુક માટે એ ટોળું દયાનું પાત્ર હતું. બધા પોતપોતાના વિચારોના 'લેવલ' પ્રમાણે રીએક્શન આપી રહ્યા હતા.

ત્યાં જ સૂરજબાઈનો મોબાઈલ રણક્યો. રીક્ષા કરીને એ લોકો સિવિલ હોસ્પીટલ પહોંચ્યા. ત્યાંથી માતા અને તાજા જન્મેલાં બાળકને જ્યાં રાખે છે એ ગાયનેક વોર્ડમાં ગયા.

"કોણે મને ફોન કર્યો 'તો હે?" પાછો એ જ મર્દાના અવાજ વોર્ડમાં ગુંજી ઉઠ્યો.

"મેં કર્યો હતો." એક પલંગ પાસેનાં નાના સ્ટૂલ પર બેઠેલી એક આધેડ વયની બાઈએ જવાબ આપ્યો. "આ રહ્યું એ. લઇ જાવ આને..."

"નહી... નહી... આને ક્યાંય ના લઇ જતા. તમે તો કંઇક બોલો. તમે પણ આના બાપ છુઓ..." બાળકની માની પોક આખા વોર્ડમાં આંટો મારી આવી. પણ કોઈ કંઈ બોલ્યું નહી.

સૂરજબાઈએ પરાણે બાળકને એની માના પડખામાંથી ઉઠાવી લીધું અને કહ્યું,

"અમારી બિરાદરીમાં તારું સ્વાગત છે..."

પોતાની આંખમાં આંજેલી મેશને આંગળીમાં લઈને એણે કાળું ટીલું પણ કરી દીધું.

આ બધું જોઈને બાળકની મા તો સાવ ડઘાઈ જ ગઈ. સાવ અચાનક જ બની રહ્યું હતું આ એના માટે. નવ-નવ મહિના પોતાના પેટમાં જેને ખૂબ જતનથી સાચવેલું હોય, એવા બાળકના જન્મ સમયે ડોક્ટર દ્વારા એક્ઝામિનેશન પછી જાણવા મળે કે, એનો સમાવેશ પુરુષ કે સ્ત્રી- બેમાંથી કોઈ પણ લિંગમાં નથી થતો અને હવે એ બાળકને આ વ્યંઢળોના ગ્રુપને આપી એણે હંમેશા માટે ભૂલી જવાનું છે, એ કલ્પના જ કોઈ મા માટે બહુ પીડાદાયક છે, કદાચ બાળકના મૃત્યુ કે અબોર્શન કરતા પણ વધુ પીડાદાયક.









બાળક પણ સતત રડતું હતું. કોઈની પણ પરવાહ કર્યા વિના સૂરજબાઈએ એને છાતીએ વળગાડી દીધું ને એના બીજા જોડીદારો(?!) સાથે ફટાફટ વોર્ડની બહાર નીકળી ગઈ. બાળક હજી પણ રડતું હતું. સીડી ઉતરતી વખતે એને એક પોલીસ ઓફિસર સામે મળી. કંઇક ‘ડાઉટફૂલ’ લગતા એણે એ બધાને અટકાવ્યા અને પૂછપરછ ચાલુ કરી.

“ક્યાં લઇ જાવ છો આને? તમારે શું થાય છે આ બચ્ચું?”

“બેબી. તને અમને જોઇને અંદાજ નથી આવતો કે અમે કોણ છીએ અને આ કોણ હોઈ શકે?” એના સિવાયના બધા વ્યંઢળો જોરજોરથી એમની ટીપીકલ સ્ટાઈલમાં હસવા લાગ્યા.

“અંદાજ આવે જ છે એટલે જ પૂછ્યું. ચલો આને એની મા પાસે પાછું મૂકી આવો...”

“એમ ના ના થાય બેબી... હવે આને અમારે જ સાચવવું પડે... તમારા બધાના સમાજમાં આ ના રહી શકે. એની જિંદગી અમારી જેમ જ જશે હવે. એ પણ વર્ષો પછી અમારી જેમ હોસ્પીટલમાંથી આ રીતે આવા બાળકને પોતાની સાથે લઇ જશે. આ સમાજમાં ખાલી બે જ વર્ગ હોય છે. સ્ત્રી અને પુરુષ. ત્રીજો કોઈ વર્ગ જ નથી. સમાજ અમારા જેવાને નથી સાચવતા...”

“છે ત્રીજો વર્ગ. આપણો વર્ગ. હા. હું પણ તમારામાંની જ એક છું. મારું નામ તનીષા મજુમદાર છે ને હું પણ વ્યંઢળ છું. પણ મેં આ સમાજ બદલવાની કોશિશ કરી છે અને અત્યારે હું પોલીસ સબ-ઇન્સ્પેકટર છું. હવે ગવર્મેન્ટના ફોર્મમાં પણ સ્ત્રી અને પુરુષ સિવાયનો ત્રીજો વિકલ્પ હોય છે, ‘અન્ય’. ચલો હવે. આ બાળક મને આપો...અને આની મા સુધી મને લઇ જાવ...” આવું કહીને તનીષાએ બાળક સૂરજબાઇના હાથમાંથી લઇ લીધું અને સીડી ચડવાની શરુ પણ કરી દીધી. સૂરજબાઈ પણ કંઈ બોલી ના શક્યાં અને તનીષાની આગળ થઇ ગયા.

જયારે રડતું બાળક એની જન્મદાત્રી માને આપવામાં આવ્યું, ત્યારે બાળક અને એની મા તો રડતા શાંત પડી ગયા, પણ સૂરજબાઈ અને તેમની સાથેના બીજા વ્યંઢળો તથા તનીષાની આંખમાં આંસુ આવી ગયા.

“સમાજમાં આવા બાળકો માટે સંઘર્ષ વધુ છે. પણ તમે ચિંતા ના કરો. સંઘર્ષ અને મહેનત ક્યાંય એળે નથી જતા. આને ભણાવી-ગણાવીને ખૂબ આગળ વધારશો, તો એની સાથે કેટલાયની જિંદગી એ સુધારી શકશે...”

પોલીસ સબ-ઇન્સ્પેકટર તનીષા તો આવું બોલીને નીકળી ગઈ, પણ સાથે સાથે વોર્ડમાં રહેલા ઘણાબધાનાં વિચારો ફેરવતી ગઈ.

સૂરજબાઈએ બાળકના દુખણાં લીધા અને શુકન તરીકે એક હજારને એક રૂપિયા આપ્યા.







નવરાત્રીનું આજે ચોથું નોરતું હતું અને તનીષાને એક જગ્યાએ ચીફ-ગેસ્ટ તરીકે બોલાવવામાં આવી હતી. જયારે એને માઈક પરથી કંઇક કહેવાનું કહેવામાં આવ્યું, ત્યારે એણે કહ્યું કે,

“આજથી પચ્ચીસ વર્ષ પહેલા જયારે મારો જન્મ થયો. ત્યારે મારા પરિવારમાં બધાએ મને છોકરો સમજી લીધો અને મારો ઉછેર પણ એ રીતે જ થવા લાગ્યો. મારું નામ પણ તારક રાખવામાં આવ્યું. પણ ના તો હું છોકરી હતી, કે ના તો છોકરો હતી.

મને જયારે સ્કૂલે મુકવામાં આવી, ત્યારે હું છોકરાઓ જોડે જ બેસતી અને છોકરાઓ જોડે જ રમતી, મારા મિત્રો પણ છોકરાઓ જ હતા. પણ હું સતત અટવાતી હતી. અંદર-અંદર હું સતત કન્ફયુઝ થઇ રહી હતી. બીજા વ્યંઢળોમાં થાય છે, એમ મારા ઉછેરની જાતિ અને મારી અંદરથી એને અનુભવાતી જાતિ જુદી-જુદી હતી. પણ કૉલેજ પછી હું ‘જેન્ડર ટ્રાન્સપ્લાન્ટ’ કરાવીને સ્ત્રી બની ગઈ.

પોલીસની ભરતી માટે મેં અરજી આપી, પણ એમાં ‘સ્ત્રી’ અને ‘પુરુષ’ સિવાયની કોઈ કેટેગરી જ નહોતી. મારી અરજી ફગાવી દેવામાં આવી અને પછી મેં હાઈકોર્ટમાં કેસ ફાઈલ કર્યો અને જયારે હું એ કેસ જીતી ગઈ, ત્યારે હું દેશની પહેલી ટ્રાન્સજેન્ડર પોલીસ ઓફિસર બની.”

આરતી શરૂ થઇ ચુકી હતી. એક ‘શક્તિ’ના હાથે ‘શક્તિ’ની આરાધના થઇ રહી હતી. બોલો શ્રી અંબે મા તકી જય...

(આ વાર્તા ઇન્ડિયાની ફર્સ્ટ ‘ટ્રાન્સજેન્ડર’ સબ-ઇન્સ્પેકટર પ્રિથીકા યશીનીનાં જીવન પર આધારિત છે. પ્રદીપકુમાર તરીકે મોટી થયેલી પ્રિથીકાને પછીથી જાણ થઇ કે, એની અંદર પુરુષત્વ કરતા સ્ત્રીત્વ વધુ છે, અને એ જેન્ડર-ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન કરાવીને બહારથી પણ સ્ત્રી બની ગઈ. ગુજરાતી વાર્તાને ન્યાય આપવા માટે મેં પૃષ્ઠભૂમિમાં ગુજરાતી વાતાવરણ રાખેલ છે. જો કે મૂળ ઘટના તમિલનાડુની છે.)

**SHUT DOWN :**

**સ્ત્રી અને પુરુષ એકબીજા સાથે લડે છે અને પોતાનો ગ્રાફ ઉંચો રાખવા પ્રયત્ન કરે છે. એ હંમેશા જોયું છે. પણ આ સિવાય પણ એક વર્ગ છે, જેઓ ખુદ સાથે જ લડે છે, જેઓ રોજરોજ અપમાનનો ભોગ બને છે અને જેઓને લોકો ‘છક્કા’ જેવા અપમાનજનક શબ્દોથી સંબોધે છે.**

( શીર્ષક-પંક્તિ : અમૃત ‘ઘાયલ’ )





# વિચાર-વંટોળ

રાજુલા શાહ



"તું કૌરવ તુ પાંડવ મનવા, તું રાવણ તું હી રામ,
જીવનના આ કુરુક્ષેત્ર પર પળ પળનો સંગ્રામ"



એક જગ્યાએ વાંચેલુ કે હિંદુત્વમાં ચાર યુગ બતાવ્યા છે.

(૧) સત્ય યુગ (૨) ત્રેતા યુગ (૩) દ્વાપર યુગ (૪) કળિ યુગ

સત્ય યુગની અંદર બે અલગ દુનિયા વચ્ચે યુધ્ધ હતું. દેવલોક અને અસુરલોક. દેવો અચ્છાઈ અને દાનવો બુરાઇનુ પ્રતીક હતા.
ત્રેતા યુગની અંદર બે અલગ દેશોના રાજાઓ વચ્ચે યુધ્ધ હતું. રામ અને રાવણ.
દ્વાપર યુગની અંદર પાંડવ અને કૌરવ વચ્ચે યુધ્ધ હતું.  એક જ પરીવારની અંદર અચ્છાઇ અને બુરાઈ હતી.

અહીં જો વિચારવામાં આવે તો જોઇ શકાય કે બુરાઈ કેવી અને કેટલી નજીક આવી રહી છે. અલગ દુનિયાથી લઈને અલગ દેશોથી લઈને એક જ પરીવારની અંદર સુધી.

પણ, હવે કળિયુગમા બુરાઇ શું છે એ જાણો છો?

એ આપણી અંદર જ રહેલી છે. અચ્છાઇ અને બુરાઈ બન્ને. યુધ્ધ આપણી અંદર જ છે. એ આપણે નક્કી કરવાનું છે કે આપણે કોને જીતાડવાનું છે. આપણી અંદર રહેલી અચ્છાઈને કે આપણી જ અંદર રહેલી બુરાઇને?!


કેટલી સરસ અને સચોટ વાત છે. નવરાત્રી ચાલી રહી છે અને નવરાત્રીના નવ દિવસ પછી દશેરા આવશે. આપણે સહુ રાવણ વગેરેના પુતળાઓ બાળીને અસુરનો, બુરાઇનો નાશ કર્યાનો સંતોષ માની લઈશું ત્યારે આ એક વિચારવા જેવી વાત છે કે આપણે આપણી અંદરથી કેટલી બુરાઇને બાળી છે. કેટલી અચ્છાઇઓને આગળ લાવી છે. આ હિસાબ એકવાર કરવા જેવો છે બોસ.!

આપણી સૌની અંદર બે તત્વો રહેલા જ છે કાયમ માટે. અચ્છાઈ અને બુરાઇ. યિંગ અને યાંગ. આપણે બેઉ દિશામાં વિચારી શકીએ છે.. કોઇ અજાણ્યાનો આપણી નજર સામે અકસ્માત થયો હશે તો તરત આપણી અંદર બે વિચાર ઝબકી જશે. "મારે મદદ કરવી જોઇએ." અને તરત એ પણ વિચાર આવશે કે "ના,ના આટલા બધા લોકો ભેગા થઈ ગયા છે. એમાથી કોઇક કરશે. આવા લફડામાં ના પડાય.."

દરેક વ્યક્તિને આવા વિચારો આવતા હશે. અને કોઇપણ પરિસ્થિતિ હોય દરેકના બે રસ્તા હોય જ છે. આપણા ઉપર નિર્ભર છે કે આપણે કયા વિચારને આપણા પણ હાવી થવા દઈએ છે. અને એ નિર્ણયથી ઘડાય છે આપણું વ્યક્તિત્વ. દરેક વખતે સહેલી પણ નથી હોતી આ પસંદગી. કેમકે દરેક સંજોગના પોતપોતાના સત્યો હોય છે. અને દરેક સત્ય અંતિમ પણ હોતું નથી. સત્ય હંમેશા અલગ અલગ દ્રષ્ટિકોણની અસર તળે બદલાતું રહે છે. કોઇ એક વ્યક્તિનું સત્ય બીજાનું સત્ય નથી હોતું અને એટલે જ કોઇ એક વ્યક્તિ માટે જે સારું છે એ કદાચ બીજા માટે ઘાતક પણ હોય શકે. આપણે સંજોગો, પરિસ્થિતિ,વ્યક્તિથી ઉપર ઉઠીને શોધવાનું છે કે સાચું શું છે? અને એને અમલમાં મુકવાનુ છે.








રોજબરોજની જિવાતી જિંદગીમા જોઇએ તો આપણી આસપાસ એવા કેટલાયે વિચારો છે, પુર્વગ્રહો છે, કેટલીયે રુઢીઓ, રિવાજો છે જે એક બદી બનીને સમાજની, માણસની જડ સુધી પહોંચી ગયા છે. કેટલીયે એવી પ્રથાઓ છે જે આપણે માત્ર ધર્મના નામે, અંધશ્રધ્ધાનાં નામે જડતાથી નિભાવી રહ્યાં છે.અને એ પણ ગૌરવપુર્વક..! જે નિયમોનું મુળ, એનું કારણ આપણે જાણતા નથી તો પણ એને વળગીને બેથા છીએ ત્યારે કદાચ એ નિયમો ત્યાગી ના શકીએ તો કંઈ જ નહીં પરંતુ એના કારણો જાણવાનો પ્રયત્ન તો આપણે કરી જ શકીએ ને?!

એક ઉદાહરણ લઈએ તો આપણે દર દશેરાના રાવણનું પુતળુ બાળીએ છે. શા માટે? કેમકે રામે એ દિવસે રાવણનો વધ કરીને અસુરી તત્વનો નાશ કરેલ. એટલે આપણે દર વરસે પુતળાઓ બાળીને બુરાઈનો નાશ કરી લીધાનો સંતોષ માની લઈએ છે. પણ રાવણની એક બાજુ આપણે ભુલી જ જઈએ છીએ. એની સારી બાજુ. રાવણ પોતે એક બ્રાહ્મણ હતા, વેદ અને જ્યોતિષના પ્રખર જ્ઞાની હતા. શિવ ભગવાનના એ પરમ ભક્ત હતા. હજારો વરસોની એમણે સાધના કરી હતી. ત્યાં સુધી કે એમના છેલ્લા શ્વાસો ચાલતા હતા ત્યારે ખુદ શ્રીરામે લક્ષ્મણને રાવણ પાસેથી એનું જ્ઞાન ગ્રહણ કરવા મોકલ્યા હતા. બધા જ ગુણો ધરાવતો આ રાવણ પાસે એક અવગુણ હતો. અભિમાન..! અને આ એક અવગુણ એના બધા જ ગુણો પર ભારી પડી ગયો અને એને એક આસુરી શક્તિમાં પરાવર્તીત કરી નાખ્યો. આજે આપણે એ વિચારવાનું છે કે દર વરસે રાવણને બાળવામાં આપણે આ એના ગુણો પણ જલાવી દઈએ છીએ કે ગુણો ગ્રહણ કરીને અવગુણોને બાળીએ છીએ.! રાવણનું પૂતળું બાળીને આપણે માત્ર એક રિવાજ પુરો કરતા હોય એવું નથી ને? વાત ખરેખર વિચારવા જેવી છે. શક્ય છે કે પછી પુતળાઓ બાળવાની જરૂરત જ ના લાગે..!

વાત માત્ર દશેરા પુરતી સીમિત નથી. અચ્છાઇ અને બુરાઇની ખોજ અને એની વચ્ચેનુ યુદ્ધ આપણી અંદર સતત ચાલ્યા જ કરતું હોય છે. અને બુરાઇમા તાકાત પણ છે કે એ તમને એટલી રળિયામણી લાગશે કે તમને એ બાજુ જવાનું મન થઈ જાય પણ અચ્છાઇનો રસ્તો તમને હંમેશા તમારુ માથુ ઉન્નત આકાશે અને પગ જમીન પર ટેકવી રાખવામા મદદ કરશે. અને આ યુધ્ધ તમારે જાતે જ લડવાનું છે. લોકો તમને સલાહ આપશે. તમને ગમશે પણ ખરા સાંભળવી પણ તમે જે પસંદગી કરશો એનું પરિણામ માત્ર અને માત્ર તમારે જ ભોગવવાનુ આવશે.

તો આ દશેરાએ તમે તમારા મનની અંદરની દરેક બુરાઇનો નાશ કરીને અચ્છાઇનો દિવો પ્રગટાવો એવી શુભેચ્છાઓ..

(શીર્ષક પંક્તિ : સુરેશ દલાલ)





# પેરિસ્કોપ

યાજ્ઞિક વઘાસિયા



## નવરાત્રી : પ્રણય ક્યાં છે? હવસ ક્યાં છે?

નાનો હતો, ત્યારે જયારે પપ્પા કપડાં લઇ આપતા અને અમુક સમય પછી એ કપડાં જયારે ટૂંકા પડતા, ત્યારે મને એમ થતું કે, હું એવડો જ છું, આ તો કપડાં જ ટૂંકા થઇ ગયા!

નાનો હતો, ત્યારે આ પ્રકારની ઘણી ભ્રમણાઓ હતી. પણ જેમ જેમ હું મોટો થતો ગયો, એમ મારી ઘણી ભ્રમણાઓ તૂટતી ગઈ. એમાંની એક ભ્રમણા એટલે એ કે, નવરાત્રી ખાલી ‘માતાજીનો તહેવાર’ છે ને લોકો ગરબા રમી ‘ભક્તિભાવ’થી તહેવાર ઊજવે છે.

ચેતન ભગતની નોવેલ ‘થ્રી મિસ્ટેક્સ ઓફ માય લાઈફ’ પરથી ગુજરાતી બેકગ્રાઉન્ડ વાળી બનેલ ફિલ્મ ‘કાઈ પો છે’ જયારે પહેલીવાર જોઈ, ત્યારે એ ફિલ્મ ખૂબ જ ગમી ગયેલી, પણ એમાં જે ‘શુભારંભ’વાળું જે સોંગ આવે છે, એમાં હીરો અને હિરોઈન સાથે ગરબા રમ્યા પછી એ જ ટ્રેડીશનલ કપડાંમાં જ (હકીકતમાં તો ઉતારીને) જે ખુલ્લી અગાશીમાં ‘રાસ’ રમે છે, એ સહેજ પણ આવકારદાયક નથી. હું ભલે આમાં ખોટો હોઈ શકું, પણ મારા મતે ત્યાં ‘ગુજરાતી’ કલ્ચર સ્પોઈલ થાય છે. દરેક ધાર્મિક તહેવારનાં નામે ઘણાબધા નાટકો થતાં આપણે જોઈએ છીએ. પણ તમે આ રીતે નવરાત્રીને તમે ‘ચાન્સ’ ગણીને હવસનું પ્રદર્શન કરો, એ સહેજ પણ યોગ્ય નથી.

‘હે અંબા માતા. કમ સે કમ નવ દિવસ માટે તો મને ગર્લફ્રેન્ડ અપાવી દે...” – આવા ટાઈપના વનલાઈનર્સ પણ માર્કેટમાં ફરતાં થઇ ગયા છે. હા, આ એક ‘જોક’ છે, પણ અમુકવાર ‘જોક’માં પણ આપણા થોટ-લેવલનું માર્કેટિંગ થઇ જતું હોય છે, એ પણ વગર પૈસે.














ગણેશજીનાં વિસર્જનમાં મોટા સ્પીકરમાં વાગતાં વાહિયાત શબ્દો ગોઠવીને બનાવેલા રેપ સોન્ગ્સ પર દારૂ પીને વલ્ગર રીતે ડાન્સ કરતા લોકો જોવા મળે છે, એ રીતે નવરાત્રીમાં પણ ફિલ્મી ગીતોમાં ગરબાની ધૂન ગમે એમ મિક્સ કરી દેવાય છે. આવું જ કરવું હોય તો પાર્ટી-પ્લોટમાં થતાં ગરબા પહેલા માતાજીની આરતી શું કામ થતી હશે? જો આ બધું જ કરવું હોય તો, તો નવરાત્રીની રાહ શું કામ જોવી?

નવરાત્રી ઘણાંને એટલે ગમે છે, કારણ કે, એ નવરાત્રી છે, ‘નાઈટ’ ફેસ્ટીવલ છે. એ પણ નવ દિવસનો. એમાં રાતે મોડે સુધી રખડવાની ‘ફ્રીડમ’ મળે છે. ગમે એમ છોકરીઓને ખરાબ નજરે જોઈ શકાય છે, અને ‘માતાજી’ના નામે ગમે એ હદ સુધી ‘હલકાઈ’ બતાવી શકાય છે. પાર્ટી-પ્લોટવાળા માટે આ ખાલી પૈસા કમાવાનું સાધન છે. જો કે, એમાં એમનો પણ વાંક નથી. પબ્લીકને જે ગમે છે, એ જ એ લોકો પીરસે છે.  હા. અમુક સોસાયટીમાં પ્યોર ‘ટ્રેડીશનલ’ ટાઈપના જ ગરબાનું આયોજન થાય છે, એ બિરદાવવા લાયક છે.

થોડા દિવસ પેલાં જ ક્યાંક પોસ્ટર લગાવેલું હતું, એનો વાયરલ થયેલો ફોટો મારી પાસે આવ્યો. ‘મેન-ફોર્સ’ કોન્ડમની એડવર્ટાઈઝમેન્ટ હતી. લખેલું હતું, “આ નવરાત્રીએ રમો, પણ પ્રેમથી...”

હદ થઇ ગઈ. આ લોકોના મનમાં પણ આપણી એવી છાપ પડી ગઈ કે, આપણા માટે નવરાત્રી આનાથી વધુ કંઈ નહિ હોય એમ... વાંક કોનો? કંપનીનો કે આપણો? વિચારવા જેવી બાબત છે.

કાશ... કાશ હું નાનો જ રહ્યો હોત.

PACK UP :

ખેલૈયાઓ નવરાત્રીમાં ક્યારેક ખરેખર ખેલ કરી જતા હોય છે.



અનંત ગોહિલ



**SOME WOMEN ARE LOST IN THE FIRE.**

**SOME WOMEN ARE BUILT FROM IT..!**

‘બેવફા’ શબ્દ વપરાય છે તો સ્ત્રી અને પુરુષ બન્ને માટે પણ મોટા ભાગે એનો સ્પષ્ટ ઈશારો સ્ત્રીઓ તરફ જ રહેલો હોય છે. એનું કારણ એટલું જ કે પુરુષ વાત ઢોળી દેવામાં માને છે જયારે સ્ત્રીઓ વાત ‘સાચવી’ લેવામાં! કોઈનો ‘બ્લેમ’ પોતાને માથે લઈને પણ એ પરિસ્થિતિને થાળે પાડી જ દે છે પછી ભલેને એના માથે જીવનભરનો કલંક રહી જાય! પુરાતન કાળથી જ પુરુષો એ આ બાબતમાં સ્ત્રીઓ પર વર્ચસ્વ સાધતા આવ્યા છે અને આજે પણ ઘણા ટ્રક અને રિક્ષાવાળા એ વાતનો જીવતો-જાગતો પુરાવો પોતાના વાહનની પાછળ એ બે લાઈનોમાં લખેલી અદભૂત ‘પીડા’ દ્વારા સમજાવે છે.

એક સર્વે મુજબ, કોઈને ‘ચીટ’ કરવાની બાબતમાં સ્ત્રીઓ પુરુષો કરતા ઘણી જ આગળ છે. હા, એનો મતલબ એવો પણ નથી કે પુરુષો ચીટ જ નથી કરતા, પ્રેમની બાબતે પુરુષો થોડા વધુ જ ‘સેન્ટી’ હોય છે, પણ હા એ વાત ખરી કે એ પ્રેમમાં પહેલા શરીરનો ઉપયોગ આવી ગયેલો હોય! પુરુષ એક વાર કોઈના પ્રેમમાં પડ્યા પછી આસાનીથી એને ભુલાવી શકતો નથી કે ના એના વિશેનો પ્રેમ છુપાવી શકે છે એટલે જ કોઈ ‘તવાયફ’ને પોતાના મહેલની રાણીનો દરજ્જો આપ્યો હોય એવા દાખલા ભૂતકાળમાં નોંધાયા છે અને કોઈ પણ સ્ત્રી પોતાની મરજીથી ‘દેહ-વ્યાપાર’ના ધંધામાં હોય એવું બહુ રેરલી અથવા તો નહિવત જ જોવા મળશે. કોઈને કોઈ મજબૂરી રહી જ હોય પછી ભલે એ પરિવાર ચલાવવાની હોય, કોઈની જોર-જબરદસ્તી હોય કે બીજું કોઈ પણ કારણ હોય!

આમ જોવા જઈએ તો ખ્યાલ આવશે કે ધીમે-ધીમે પણ સજ્જડ રીતે સ્ત્રીઓ આ બધી જ મર્યાદાઓ ઓળંગીને, હર-એક મુશ્કેલીઓ વટાવીને પોતાની જાતને આ પુરુષપ્રધાન વર્ગમાં સાબિત કરી છે, કરી રહી છે. એવું કોઈ પણ ક્ષેત્ર લગભગ બાકી નહિ જ બચ્યું હોય કે જ્યાં સ્ત્રીઓએ પોતાનું કંઈ યોગદાન ના આપ્યું હોય! મજુરીથી માંડીને રાજકારણ સુધી બધી જ જગ્યાએ સ્ત્રી-સમાજે પોતાની ઉપયોગીતા તથા પોતાનું મહત્વ પુરવાર કર્યું છે. રમતગમતથી માંડીને સંરક્ષણ સુધી બધું જ કામ ‘સ્ત્રી’ એકલા હાથે ઉપાડી શકે છે એ આપણે બધા અત્યારે જોઈ જ શકીએ છીએ.





આ વાતો વચ્ચે મારે બે કિસ્સા કહેવા છે, એક વાતમાં એવું છે કે એક યુગલના નવા-નવા લગ્ન થયા હોય છે. યુવાન મહેનતુ છે, આર્થિક રીતે થોડો નબળો છે, ઘર પણ સામાન્ય કહી શકાય એવું છે, પણ પોતાના ઘરનાને ખુશ રાખી શકે એટલું તો કમાઈ જ લે છે. ઘરમાં એક માં અને પતિ-પત્ની બસ ત્રણ જ લોકો છે. હવે વાત એવી બને છે કે એ યુવાનની માં બીમાર પડે છે, સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવે છે અને એક્સીડેન્ટલી રીપોર્ટસમાં તેઓને 'કેન્સર' છે એવું જાણવા મળે છે. પરિવાર ઉપર જાણે કે આભ તૂટી પડે છે, યુવાન એ ચિંતામાં છે કે સારવારનો ખર્ચ કેટલો થશે? ઘરનું કઈ રીતના પૂરું થશે? ને એવા કંઈ-કેટલાય વિચારોના પુર એના મગજમાં ફરી વળે છે. આ વાતના ત્રીજા જ દિવસે એની પત્ની એના પિયર જતી રહે છે અને ત્યાંથી એવું કહેવડાવે છે કે મારે હવે ત્યાં પાછું નથી આવવું, મને એ ઘર નાનું પડે છે! એ પુરુષની સ્થિતિ 'ગરીબી મેં આંટા ગીલા' જેવી થઇ જાય છે છતાં એ મન મક્કમ રાખીને આગળ વધે છે, એ સ્ત્રી વર્ષે બે કે ત્રણ દિવસ આવે છે અને ફરીથી જૂની વાતો ઉખેળી એ પુરુષના જખમને ફરી લીલો કરી જતી રહે છે. આખરે એ પુરુષ થાકી હારીને છુટા-છેડા લેવા મજબૂર થાય છે ત્યારે એ સ્ત્રી એમ કહે છે કે, 'પંદર લાખ રોકડા આપે તો એને છુટો કરે બાકી છુટા-છેડા પણ ના આપે કે એના ઘરે પાછી રહેવા પણ ના આવે.' કેન્સરગ્રસ્ત એની સાસુ બે હાથ જોડીને એને મનાવે છે પણ એ સ્ત્રી ટસની મસ નથી થતી. અને અત્યારે એવી હાલત છે કે એ ભાઈ લાચારીવશ સવારે જમવાનું બનાવીને પોતાની માની બાજુમાં મુકીને જાય છે અને પોતે કમાવા જાય છે, મા પોતાની જાતે જેમ-તેમ કરીને થોડું ઘણું જમી લે છે પણ પોતાના જણેલા છોકરાની આવી દશા જોઇને એનું હૈયું બેસી જાય છે. અને હમણાં-હમણાં થી પરિસ્થિતિ વધુ બગડતા એમને પોતાની નોકરી પણ મૂકી દીધી છે અને પોતાની માની સેવા કરે છે.





હવે બીજો કિસ્સો, એક ઘરમાં પતિ-પત્ની અને તેમનો સાત વર્ષનો છોકરો તથા તેના સાસુ-સસરા આટલા પાંચ લોકો રહે. બધું જ વ્યવસ્થિત ચાલતું હતું એવામાં એક દિવસ એ બહેનથી કોઈક મોટી ભૂલ થઇ ગઈ અને એના લીધે ઘરને પૈસા-ટકા લેખે ઘણું નુકશાન થયું, ગુસ્સામાં છતાં સંયમી રીતે એમના સસરાએ એમને થોડો ઠપકો આપ્યો તથા આગળ ધ્યાન રાખવા સમજાવ્યું. વાત સાવ સરળ રીતે પૂરી થઇ ચુકી હતી. પુરા દસ દિવસ વીતી ચુક્યા હતા આ વાતને અને બધું નોર્મલ જ હતું, અને એ બહેન ઘરેથી પોતાના પિયર જઈને આવું એમ કહીને ગયા અને બીજા દિવસે ખબર પડી કે એ બહેને પોતાના પતિ તથા સાસુ-સસરા વિરુદ્ધ 'ડોમેસ્ટિક વાયોલન્સ'નો તથા માનસિક રીતે હેરાન કરવાનો કેસ દાખલ કરી દીધો છે. આ વાતે પોલીસે તેના પતિ તથા સસરાને જેલને હવાલે કરી દીધા અને એના અભણ સાસુ કંઈ પણ સૂઝ વિના એમની બેલ કરાવવા માટે હવાતિયા મારે છે. જેમ-તેમ કરીને બેલ પણ મળે છે, કોર્ટમાં કેસ ચાલે છે, અને કાયદાને લીધે એ બહેન કેસમાં બધા જ પોઈન્ટમાં આગળ હોય છે, એક સમય એવો આવે છે કે એ બહેનના સસરા કોર્ટમાં બધાની સામે ધ્રુસકે ને ધ્રુસકે રડતા કહે છે કે આના કરતા તો મારો છોકરો બાળવયે મરી ગયો હોત તો સારું હોત, કોઈ બાપ પોતાના છોકરા માટે આવું બોલે એનો મતલબ એ કેટલો વિવશ હશે એ સમયે એ તમે વિચારી જ શકો છો!

આ બે વાતો કહેવા પાછળનું તાત્પર્ય એટલું જ છે કે, છેલ્લા દસ વર્ષમાં જે પરિવર્તન આવ્યું છે સ્ત્રીઓની વૈચારિક તથા આર્થિક સ્વતંત્રતામાં એ ખરેખર બિરદાવવા લાયક છે, સ્ત્રીઓને લગતા કાયદાઓ તથા એમને મળતું આરક્ષણ પણ આદરપાત્ર છે. 'માય ચોઈસ' કેમ્પેઈન, 'વુમન એમ્પાવરમેન્ટ' કે 'મેન-વુમેન ઇક્વાલીટી' એ બધું જ બરાબર પણ આ જ બાબતોનો સાક્ષીભાવે ઉપયોગ કરીને, સ્ત્રી-સંરક્ષણને લગતા કાયદાઓનું 'અમુક' સ્ત્રીઓ દ્વારા થતું 'ચીરહરણ' એ સરાસર ખોટું છે અને એ વાતને કોઈ કાળે સાંખી લેવાય નહીં. જો આવું જ ચાલતું રહ્યું તો પુરુષ-વર્ગ બહુ જ જલ્દી થી બાપડો-બિચારો બનીને રહી જશે, કેમ કે ના તો એની પાસે કોઈ 'આરક્ષણ' છે કે ના તો કોઈ 'પુરુષ-સંરક્ષી કાયદો'!

અહીં સ્ત્રીઓની વધતી જતી 'મહત્તા'નો કોઈ મુદ્દો જ નથી, વાત ખાલી કાયદાના થતા 'ગેર-ઉપયોગ'ની છે. બાકી સ્ત્રીઓ 'અખંડ ભારત' ને એકલા હાથે ચલાવી શકે તથા 'અજોડ' રાખી શકે છે એમાં કોઈ જ બેમત નથી!

અસ્તુ!

આફ્ટર-શોક :

**A ROSE** CAN NEVER BE A SUNFLOWER, AND **A SUNFLOWER** CAN NEVER BE A ROSE. **ALL FLOWERS** ARE BEAUTIFUL IN THEIR OWN WAY, AND THAT'S LIKE ***WOMEN*** *TOO*.

**MIRANDA KERR**





# ખુલ્લા-દ્વાર

નિશા મિસ્ત્રી

## શક્તિની પૂજા

તમને સૌને હેપ્પી નવરાત્રી અને જય અંબે.

શક્તિની પૂજાનો આ તહેવાર બધાનો ખુબ જ ખુશહાલીથી ઉજવાય તેવી શુભકામના. નવરાત્રી ના નવ દિવસની નવ રાત્રી ખુબ જ ખુશીથી મા અંબાના શ્રી ચરણોમાં ગરબારૂપી પૂજા દ્વારા ક્યારે વીતી જાય છે, તે ખબર જ નથી પડતી. ઝૂમતી વખતે જયારે એવું લાગે છે કે મા ના દરબારમાં જ હોઈએ. માની સાથે એકમેક થઇ ગયા હોય. અને હા... એમાં જરાય થાક પણ નથી લાગતો. ઉલટું આખી રાત ગરબા રમ્યા પછી પણ દિવસનું કામકાજ કરવાનો ઉત્સાહ અનેરો જ હોય છે; કેમકે સાંજે ફરીથી એના દરબાર મા જ જવાનું હોય છે ગરબે રમવા.

શક્તિ- એટલે કે સ્ત્રી. દરેક સ્ત્રી એ શક્તિનું જ એક સ્વરૂપ છે. શક્તિ નો એક અંશ જ છે અને આ નવરાત્રી તો શક્તિની પૂજા-અર્ચના માટે જ ઉજવાય છે ને. હા, પણ કદાચ સાચી શક્તિ, જે તમારી આજુબાજુ હશે એના માટે નહી?

શું કહેશો ?

હા. મારે આ વાત કરવી છે આજે.

સ્ત્રી ને શક્તિના અવતારમાં પૂજો છો; પણ બસ અવતાર પૂરતી જ કેમ? જીવંત શક્તિ જે તમારા ઘરમાં છે તેને કેમ નહીં? જેણે તમને જીવન પ્રદાન કર્યું છે તેને કેમ નહીં?

ખરેખર નવરાત્રી તો ત્યારે જ સફળ થઇ કહેવાશે જયારે તમને તમારા ઘરની શક્તિનું મૂલ્ય સમજાશે. ઘરમાં નારીને પૂજવાની એટલે એમ નહિ કે આરતીની થાળી લઈને એની આગળ ફેરવવી; પણ તેને માન-સમ્માન આપવું, તેના કરેલા કાર્ય માટે તેને પ્રોત્સાહન આપવું, તેની જરૂરિયાતોને સમજીને તેને પણ સમજવું, તેની ખુશીઓને સમજવી, તેના શોખને સમજવા અને તેનો ટેકો બનવું, નહીં કે તેને આપણો ટેકો બનાવી દેવી.

“મમ્મી તું આ કરી દે ને , મમ્મી તું પેલું કરી દે ને...” - તેનાથી આગળ વધવું અને “લાવ મમ્મી હું તને થોડી મદદ કરું...” એવા બનવું. પછી જોજો, તમારી મમ્મી કેટલી ખુશ રહેશે એના કાળજાને કેટલી ટાઢક મળશે. અને જો મમ્મી ખુશ રહેશે તો અંબામા પણ આપોઆપ ખુશ રહેશે. બાકી તો નવરાત્રી આવશે ને જતી પણ રહેશે; પણ આ 'શક્તિ' નું મહત્વ તમે નહીં સમજો!

કેમકે 'શક્તિ' જ્યાં સુધી શાંત ને નિર્મળ હોય છે ત્યાં સુધી એ તમને કોઈ આંચ નથી આવવા દેતી પણ. જયારે તે અંબા માંથી દુર્ગાનું રૌદ્ર સ્વરૂપ લઈ ને આવે ને ત્યારે તો મહિષાસુર પણ તેની સામે નથી ટકી શકતો, તેના ગુસ્સાનો કોઈ પાર નથી હોતો .જેટલા સમયથી તમારી ભૂલોને અવગણીને એણે જાણે કે તમારા પાપના ઘડાને મૂકી રાખ્યો છે. એ એકવાર ફૂટી જાય ત્યાર પછી એ કોઈનું નથી સાંભળતી. સાચી જ વાત છે ને... એણે એના રૌદ્ર સ્વરૂપના દર્શન કરાવવા જ જોઈએ. એના વગર આજના જમાનામાં ક્યાંક છૂટકો જ નથી એવું કહી શકાય. જ્યાં સુધી શાંત બનીને ચાલે ત્યાં સુધી ઠીક, બાકી તો અસલી 'શક્તિ' ના દર્શન કરાવવા જ રહ્યાં!



‘પંખ’ની
ઉડાનમાં
સહભાગી પાંખો

યાજ્ઞિક વઘાસિયા
મનોરી શાહ
અનંત ગોહિલ
વિરલ જોશી
કેયુર દુધાત

સહૃદય આભાર

ભાગ્યેશ પટેલ
ગોપાલી બુચ
નિકેતા વ્યાસ
મીરા જોશી
રાજુલા શાહ
નિશા મિસ્ત્રી

અમારી સાથે ઉડવાના આકાશી માર્ગો

pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

+૯૧ ૯૯૦૪૯૧૮૧૬૮

https://twitter.com/pankh_emagazine

https://www.youtube.com/channel/UCakmCpwf4oF2ZlCl-YPlVDg


Bhagyesh
Patel